*"કેમ કે નાશ પામનારાઓને તો વધસ્તંભની વાત મૂર્ખતા જેવી લાગે છે,*
*પણ અમો તારણ પામનારાઓને તો તે દેવનું સામર્થ્ય છે" (૧કરિંથી ૧:૧૮)*

## જો આજે તમે મરણ પામો તો

# તમારી અનંતતા ક્યાં હશે - સ્વર્ગ અથવા નર્ક ?

**( આ સંદેશ માટે થોડીક ક્ષણો કાઢો - તમે સ્વર્ગમાં ઈશ્વર સાથે હોવ તેવું તે ઈચ્છે છે)**

ઘણા લોકો વિચારે છે કે સ્વર્ગ અથવા નર્ક છે જ નહિ. પણ પવિત્ર બાઈબલ - જે ઈશ્વરનું એકલું વચન છે - તે સ્પષ્ટપણે કહે છે કે આ બંને જગ્યાઓ વાસ્તવિક છે : *"ત્યારે રાજા પોતાની જમણી તરફનાઓને કહેશે કે મારા બાપના આશીર્વાદિતો આવો, જે **રાજ્ય** જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારું તૈયાર કરેલું છે તેનો વારસો લો... પછી ડાબી તરફનાઓને પણ તે કહેશે કે, ઓ શાપિતો, જે **સાર્વકાલિક અગ્નિ** શેતાન તથા તેના દૂતો સારું તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ... અને તેઓ **સાર્વકાલિક શાસનમાં** જશે, પણ ન્યાયીઓ, **સાર્વકાલિક જીવનમાં** જશે"* (માથ્થી ૨૫:૩૪,૪૧,૪૬).

**નર્ક પિડા માટેનું સ્થાન છે.** નર્ક માટે ઈસુના શબ્દો : *"તેમાંના કિડાઓ ક્યારેય મરતા નથી અને તેનો અગ્નિ ક્યારેય હોલવાતો નથી"* (માર્ક ૯:૪૮, યશાયા ૬૬:૨૪), *"અનંત અગ્નિ છે"* (માથ્થી ૧૮:૮, ૨૫ :૪૧), *"નર્કનો અગ્નિ"* (માથ્થી ૫:૨૨, ૧૮:૯), *"ભડભડતી ભઠ્ઠી"* (માથ્થી ૧૩:૪૨,૫૦), *"રડવું અને દાંત પિસવું"* (માથ્થી ૧૮:૧૨,૨૨:૧૩,૨૫:૩૦), *"અનંત શિક્ષા"* (માથ્થી ૨૫:૪૬), અને *"બહારનો અંધકાર"* (માથ્થી ૮:૧૨,૨૨:૧૩). *"જો કોઈ **જીવનના પુસ્તકમાં** નોંધેલ માલુમ પડયો નહિ તો તેને **અગ્નિની ખાઈ**માં નાખી દેવામાં આવ્યો."* (પ્રકટીકરણ ૨૦:૧૫). *"જેમ માણસોએ એક જ વાર મરવાનું ત્યાર પછી તેનો ન્યાયી થાય એવું નિર્માણ થયું છે"* (હિબ્રૂ ૯:૨૭). કેમકે તે જગ્યા શેતાન તથા તેના દૂતો માટે તૈયાર કરેલ છે તેથી ઈશ્વર ઈચ્છતા નથી કે આપણે તે જગ્યામાં હોઈએ.

### તો પછી આ શિક્ષાનું કારણ શું છે ?

જવાબ છે **પાપ.** સર્વ (વિચાર,વાણી, કૃત્યો) જે કંઈ પણ તમને ઈશ્વરથી વિભક્ત કરે છે તે પાપ છે. આપણે જન્મથી જ પાપી છીએ અને તેમાં જ આપણે જીવીએ છીએ. પણ ઈશ્વર પવિત્ર છે તેથી પાપ આપણને તેમનાથી વિભક્ત કરે છે. *"તે માટે જેમ એક માણસથી (આદમ) જગતમાં પાપ પેઠું ને પાપથી મરણ અને સઘળાંએ પાપ કર્યું. તેથી સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો"* (રોમન ૫:૧૨). *"કારણ કે સઘળાંએ પાપ કર્યું છે અને દેવના મહિમા વિષે સઘળાં અધૂરાં રહે છે " (રોમન ૩:૨૩). "કેમ કે પાપનો મૂસારો મરણ છે"* (રોમન ૬:૨૩).

પવિત્ર બાઈબલ - જે ઈશ્વરનું એક માત્ર વચન છે તેમાંથી પાપ વિશેના અમુક ઉદાહરણો : *"દૈહિક વાસના તથા આંખની લાલસા તથા જીવનનો અહંકાર"* (૧યોહાન ૨:૧૬). *"સર્વ અન્યાય પાપ છે"* (૧યોહાન ૫:૧૭). ઈસુએ કહ્યું, *"કેમ કે માંહેથી એટલે માણસોના હ્રદયમાંથી, ભૂંડા વિચારો નિકળે છે, એટલે છિનાળાં, ચોરીઓ, હત્યાઓ, વ્યભિચારો, લોભ, દુષ્ટતા, કપટ, કામાતુરપણું, અદેખાઈ, નિંદા, અભિમાન, મૂર્ખપણું"* (માર્ક ૭:૨૧,૨૨). *"પણ બીકણો, અવિશ્વાસીઓ, ભ્રષ્ટ થયેલા, ખૂનીઓ, વ્યભિચારીઓ, જાદુક્રિયા કરનારા, મૂર્તિપૂજકો તથા સઘળા જૂઠાઓનો ભાગ અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં છે એ જ બીજું મરણ છે"* (પ્રકટીકરણ ૨૧:૮). *"જે કંઈ અશુદ્ધ છે, અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે તથા અસત્ય આચરે છે તે તેમાં કદી પ્રવેશ કરશે નહિ પણ જેઓના નામ હલવાનના પુસ્તકમાં લખેલા છે તેઓ જ પ્રવેશ કરશે"* (પ્રકટીકરણ ૨૧:૨૭). *"કેમ કે આ તો તમે ખાતરીપૂર્વક જાણો છો કે કોઈ પણ વ્યભિચારી અથવા દુરાચરણી અથવા દ્રવ્યલોભી એટલે મૂર્તિપૂજક એઓને ખ્રિસ્ત તથા દેવના રાજ્યમાં કંઈ વારસો નથી"* (એફેસી ૫:૫). *"દેહના કામ તો ખુલ્લા છે, એટલે વ્યભિચાર, અપવિત્રતા, લંપટપણું, મૂર્તિપૂજા, જાદુ, વૈરભાવ, કજિયાકંકાસ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, કુસંપ, પક્ષાપક્ષી, અદેખાઈ, છાકટાઈ, વિલાસ, તથા એવોના જેવા કામ જેમ પહેલા મેં તમને ચેતવ્યા હતા તેમ તેઓ વિશે હમણા પણ ચેતાવું છું કે જેઓ એવા કામ કરે છે તેઓ દેવના રાજ્યનો વારસો પામશે નહિ"* (ગલાતી ૫:૧૯-૨૧). *"શું તમે જાણતા નથી કે અધર્મિઓને દેવના રાજ્યનો વારસો મળશે નહિ ? ભૂલ ન ખાઓ, વ્યભિચારીઓ, મૂર્તિપૂજકો, લંપટો, વિષયીઓ, પુંમૈથુનીઓ, ચોરો, લોભીઓ, છાકટા, નિંદકો, તથા જુલમથી પૈસા પડાવનારા એવોને દેવના રાજ્યમાં વારસો મળશે નહિ"* (૧કરિંથી ૬:૯,૧૦). *"કેમ કે તેઓની સ્ત્રીઓએ સ્વાભાવિક વ્યવહારને બદલે અસ્વાભાવિક વ્યવહાર કર્યો, એમ જ પુરુષો પણ સ્ત્રીઓ સાથેને સ્વાભાવિક વ્યવહાર તજીને પોતાની દુરવાસનાઓથી પરસ્પર બળવા લાગ્યા એટલે પુરુષે પુરુષની સાથે અનુચિત કામ કર્યું..."* (રોમન ૧:૨૬,૨૭).

**મૂર્તિપૂજા** - તેમાં એ સર્વ પણ  સામેલ છે જે ખ્રિસ્તીઓ સંતોની પૂજા ભક્તિ કરે છે, મરેલાને પ્રાર્થના કરે છે, મરેલા માટે પ્રાર્થના કરે છે... પ્રથમ આજ્ઞા તોડે છે - *"મારા સિવાય તારે બીજા કોઈ અન્ય દેવો ન હોય તું તારે સારું કોઈ કોરેલી મૂર્તિ ન કર ઉપર આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિની તળેના પાણીમાંની કોઈ પણ ચીજની પ્રતિમા ન કર, તું તેઓની આગળ ન નમ ને તેઓની સેવા ન કર કેમ કે હું તારો દેવ યહોવા......."* (નિર્ગમન ૨૦ : ૩-૫). ઈસુ સિવાય બીજો કોઈ મધ્યસ્થ નહિ : *"કેમ કે દેવ એક જ છે અને દેવ તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે એટલે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ"* (૧તિમોથી ૨:૫).

**વ્યભિચાર** - લગ્ન પહેલા જાતિયતા, લગ્ન સિવાય જાતિયતા. લગ્ન પહેલાની જાતિયતાને બાઈબલની જાતિયતાની અનૈતિકત-ાની વ્યાખ્યામાં સામેલ કરેલ છે. ફક્ત પતિ અને પત્ની વચ્ચેના જાતિય સંબંધોને જ ઈશ્વર સહમતી આપે છે. *"પણ હું (ઈસુ) તમને કહું છું કે સ્ત્રી ઉપર જે કોઈ ખોટી નજર કરે છે, તેણે એટલામાં જ પોતાના મનમાં તેની જોડે વ્યભિચાર કર્યો છે"* (માથ્થી ૫:૨૮).

**ફારગતી** - *"હું (ઈસુ) તમને કહું છું કે વ્યભિચારના કારણ વગર જે કોઈ પોતાની સ્ત્રીને મૂકી દે, તે તેની પાસે વ્યભિચાર કરાવે છે અને જે કોઈ તે મૂકી દીધેલીની જોડે લગ્ન કરે છે તે પણ વ્યભિચાર કરે છે"* (માથ્થી ૫:૩૨). *"સર્વમાં લગ્ન માન યોગ્ય ગણાય અને બિછાનું નિર્મળ રહે કેમ કે દેવ લંપટોનો તથા વ્યભિચારીઓનો ન્યાય કરશે"* (હિબ્રૂ ૧૩:૪). ઈસુએ કહ્યું, *"તો દેવે જેને જોડ્યું છે તેને માણસે જુદું ન પાડવું"* (માર્ક ૧૦ :૯). (મહેરબાની કરીને આ સમસ્યા માટે પ્રાર્થના સહિત પવિત્ર બ-ાઈબલ દ્વારા અપાયેલ નિરાકરણને અનુસરો : *"પત્નીઓ જેમ પ્રભુને તેમ પોતાના પતિઓને આધીન રહો... પતિઓ જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો"* (એફેસી ૫:૨૨-૨૫).

**દારૂ પીવો, ધૂમ્રપાન, આત્મ હત્યા, નશીલા પદાર્થો, છૂંદણાં...** - *"તમે દેવનું મંદિર છો અને તમારામાં દેવનો આત્મા વસે છે એ શું તમે જાણતા નથી ? જો કોઈ દેવના મંદિરનો નાશ કરે તો દેવ  તેનો નાશ કરશે કેમ કે દેવનું મંદિર પવિત્ર છે અને તે મંદિર તમે છો"* (૧કંરિથી ૩:૧૬,૧૭). *"મૂએલાને લીધે તમારા શરીરમાં ઘા ન પાડો ને તમારે અંગે કોઈ પણ જાતની છાપો ન મરાવો હું યહોવા છું"* (લેવીય૧૯:૨૮). આપણે સર્વની સૂચિ બનાવી શકતા નથી. આ સર્વ કૃત્યો આપણામાંનાં પાપમય સ્વભાવને રજૂ કરે છે.

**હવે, શું તમે સહમત થાઓ છો કે તમે પાપી છો? જો હા, તો તમને ઈશ્વર સાથે સમાધાન કરવાની તક છે.**

**ઈશ્વર તમને પ્રેમ કરે છે અને તેઓ ઈચ્છતા નથી કે તમારો નાશ થાય.**

*"કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારું કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંત જીવન પામે"* (યોહાન ૩:૧૬). *"તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું"* (યોહાન ૧૦:૧૦). *"કેમ કે પાપનો મૂસારો મરણ છે પણ આપણાં પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે"* (રોમન ૬:૨૩). *"પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારું મરણ પામ્યો એમ કરવામાં દેવ આપણાં પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે"* (રોમન ૫:૮).

લોકો હંમેશાં પોતાના સ્વપ્રયત્નોથી ઈશ્વર સુધી પહોંચવા માગે છે જેને સારો માર્ગ કહે છે.

**કોઈ પણ માર્ગ ઈશ્વર સુધી પહોંચતો નથી સિવાય કે એક, કાલવરીનો વધસ્તંભ**

*"ઈસુએ કહ્યું માર્ગ, સત્ય તથા જીવન હું છું મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી"* (યોહાન ૧૪: ૬).

**ઈસુ જ માત્ર એક માર્ગ.**

*"આ વાત વિશ્વાસનિય તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને સારું જગતમાં આવ્યો એવા પાપીઓમાં હું મુખ્ય છું"* (૧તિમોથી ૧:૧૫). *"તેનામાં આપણને ઉદ્ધાર એટલે પાપોની માફી છે"* (કલોસી ૧ :૧૪). *"એનામાં એના લોહી દ્વારા તેની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે"* (એફેસી ૧:૭). *"બીજા કોઈથી ત-ારણ નથી કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી"* (પ્રે.કૃ ૪:૧૨).

**તમે ઈશ્વરનું બાળક કેવી રીતે બની શકો ? ઈસુને તારનાર તરીકે સ્વીકારો**

*"પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર એટલે તું તથા તારા ઘરના સર્વ માણસો તારણ પામશે"* (પ્રે.કૃ ૧૬:૩૧). *"પણ જેટલાએ તેનો અંગીકાર કર્યો એટલે જેટલા તેના નામ પર વિશ્વાસ કરે છે તેટલાને તેણે દેવના છોકરાં થવાનો અધિકાર આપ્યો"* (યોહાન ૧:૧૨). *"જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ અને દેવે તેને મૂએલામાંથી પાછો ઊઠાડ્યો એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ તો તું તારણ પામીશ"* (રોમન ૧૦:૯). *"આપણે તેનામાં દેવના ન્યાયપણારૂપ થઈએ માટે જેણે પાપ જાણ્યું નહોતું તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો"* (૨કરિંથી ૫:૨૧).

સદીઓ પહેલા યશાયાએ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ પર જડાવવા વિશે ભવિષ્ય કથનો કર્યા હતાં : *"તે માણસોથી ધિક્કારાયેલો તથા તજાયેલો હતો દુઃખી પુરુષ અને દર્દનો અનુભવી ને જેને જોઈને આપણે મુખ અવળું ફેરવીએ, એવો તે ધિક્કાર પામેલો હતો અને આપણે તેની કદર બૂજી નહિ ખચીત તેણે આપણા દર્દ માથે લીધાં છે ને આપણા દુખો વેઠયાં છે, પણ આપણે તો તેને હણાયેલો, દેવથી માર પામેલો તથા પીડિત થયેલો માન્યો"* (યશાયા ૫૩ : ૩,૪). *"લાકડાં પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયપણા સંબંધી જીવીએ, તેના સોળોથી આપણને સાજાપણુ મળ્યું છે"* (૧પિતર ૨:૨૪). *"કેમ કે તે કહે છે કે મેં માન્યકાળે તારું સાંભળ્યું અને તારણને દિવસે મેં તને સહાય કરી જુએ હમણાં જ માન્યકાળ છે જુએ હમણાં જ તારણનો દિવસ છે"* (૨કરિંથી ૬:૨).

**શું તમે હાલ ઈસુ ખ્રિસ્તને પ્રભુ તરીકે સ્વીકારવા માગો છો ? તેઓ તમને પ્રેમ કરે છે!**

**ખ્રિસ્તને તમે વ્યક્તિગત તારનાર તરીકે કેવી રીતે સ્વીકારી શકો ?**

તમે પાપી છો તે વાસ્તવિક્તા સ્વીકારીને કબૂલ કરો અને પસ્તાવો કરો. વિશ્વાસ કરો કે ઈસુ ખ્રિસ્ત કાલવરીના વધસ્તંભ ઉપર તમારા પાપોને કારણે મરણ પામ્યા અને ત્રીજે દિવેસ કબરમાંથી સજીવન થઈ ઊઠયાં અને તમારા ભગ્ન હ્રદય સાથે ઈસુને આ શબ્દો કહો : *"મારા પ્રિય ઈસુ, હું સ્વીકારું છું કે હુ પાપી છું અને તમારી માફી માગું છું. હું વિશ્વાસ કરું છું કે તમે મારા પાપો માટે મરણ પામ્યા અને ત્રીજા દિવસે મરણમાંથી સજીવન થયા. હું મારા પાપોથી પાછો ફરી જાઉં છું અને તમને મારા હ્રદય તથા જીવનમાં આવવા આમંત્રણ આપું છું. હું તમારી ઉપર તારનાર અને પ્રભુ તરીકે ભરોસો કરું છું અને તમને અનુસરવા માગું છું. હું તમારા પવિત્ર નામમાં પ્રાર્થું છું. આમેન."*

**જો તમે આ પ્રાર્થના સત્યતાથી કરી છે તો તમારો ઉદ્ધાર થયો છે તમને નવા જન્મનો અનુભવ થયો છે**

*"તું ચાલી જા હવેથી પાપ કરતી ના"* (યોહાન ૮:૧૧). તેનામાં બન્યા રહો - *"જે કોઈ તેનામાં રહે છે તે પાપ કરતો નથી"* (૧યોહાન ૩ : ૬). હવે તમને પાપથી મુક્તિ મળી છે, મરણના ભયથી સ્વતંત્રતા મળી છે, તમારું નામ જીવનના પુસ્તકમાં નોંધાયુ છે અને તમે સ્વર્ગના વારસ બન્યા છો.

જો તમે આ પ્રમાણે કર્યું નથીઃ તો તમે બાઈબલ પ્રમાણે વિશ્વાસ કરતી મંડળી શોધી કાઢો અને ત્યાં બાપ્તિસ્મા લો. પવિત્ર બ-ાઈબલ કહે છેઃ *"પસ્તાવો કરો અને ઈસુ ખ્રિસ્તના નામે તમારામાનો દરેક બાપ્તિસ્મા પામો કે તમારા પાપનું નિવારણ થાય અને તમને પવિત્ર આત્માનું દાન મળશે"* (પ્રે.કૃ ૨:૩૮).

**પાણીનું બાપ્તિસ્મા :** ઈસુએ કહ્યું, *"પિતા,પુત્ર અને પવિત્રઆત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ"* (માથ્થી ૨૮:૧૯). પાણીનું બાપ્તિસ્મા એ આધીનતાનું કૃત્ય છે જે તમારા બદલાણને ચિહ્નાત્મક રીતે તમારા પાપ ધોવાઈ જવાને પ્રદર્શિત કરે છે. પાણીનું બાપ્તિસ્મા છાંટાને બદલે ડૂબકીનું તેડું આપે છે. બાપ્તિસ્મા લેવા માટે વ્યક્તિએ તારણ પામવું તથા પસ્તાવો કરવાનો હોય છે. પાણીનું બાપ્તિસ્મા જૂના માણસપણાનું તથા તેના નિર્જીવ કામોનું દફનનું ચિત્રણ છે તથા પાણીમાંથી બહાર આવવું તે ખ્રિસ્તમાં નવા જીવનમાં ઉઠાડવામાં આવ્યા છે તેનું ચિત્રણ છે. (રોમન ૬:૧-૧૮). *"કેમ કે તારામાંના જેટલા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યા તેટલાએ ખ્રિસ્તને પહેલી લીધો"* (ગલાતી ૩ : ૨૭). એક વાર બાપ્તિસ્મા લીધા પછી તમે પવિત્ર આત્મા પામો (ત્રીએક ઈશ્વરમાંની ત્રીજી વ્યક્તિ) પવિત્ર આત્માનું બાપ્તિસ્મા.

**પવિત્ર આત્માનું બાપ્તિસ્મા -** ઈશ્વરનું દાન છે. ઈસુએ કહ્યું, *"તમે પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પામશો"* (પ્રે.કૃ ૧:૫). *"પચાસમાનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક સ્થળે એકઠા થયા હતા ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘૂઘવાટ જેવો અવાજ આવ્યો અને તેઓ જ્યાં બેઠા હતાં તે આખું ઘર ગાજી રહ્યું. અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના*

*જોવામાં આવી, અને તેઓમાંના દરેક ઉપર એક એક બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા."* (પ્રે.કૃ ૨ : ૧-૪). જ્યારે તમે સામર્થ્ય પામશો, તમને પવિત્ર આત્માના ફળ અને કૃપાદાન મળશે. તમે અન્ય ભાષામાં બોલશો, તમે આ જગતમાં પરાક્રમી પવિત્ર ખ્રિસ્તી જીવન જીવશો અને ખ્રિસ્તની સાક્ષી આપશો. દરેક સાચો ખ્રિસ્તી મિશનરી છે.

**ઈસુ જલ્દીથી આવે છે -** *"કેમ કે પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખ દૂતની વાણીસહિત તથા દેવના રણશિંગડાસહિત આકાશમાંથી ઊતરશે અને ખ્રિસ્તમાં જેઓ મૂએલા છે તેઓ પ્રથમ ઊઠશે, પછી આપણામાંનાં જેઓ જીવતા રહેનારા છીએ તેઓ ગગનમાં પ્રભુને મળવા સારું તેઓની સાથે વાદળામાં તણાઈ જઈશું અને એમ સદા પ્રભુની સાથે રહીશું"* (૧થેસ્સા ૪:૧૬,૧૭). તેથી આ શુભ સંદેશ પ્રસારો અને જેટલા બની શકે તેટલા લોકોને બચાવો.

ઈસુ ખ્રિસ્તી - પાપીઓને બચાવે છે, બિમારોને સાજા કરે છે, પવિત્ર આત્મા આપે છે, રાજાની જેમ જલ્દીથી આવે છે. તેમનું સ્વાગત કરવા તૈયાર થાઓ.

તમારું પવિત્ર બાઈબલ નિયમિત વાંચો, ઈશ્વર પિતાને, પુત્ર ઈસુ ખ્રિસ્ત દ્વારા પવિત્ર આત્માના સામર્થ્ય સાથે પ્રાર્થના કરો, પવિત્ર ખ્રિસ્તી જીવન જીવો, પવિત્ર આત્માથી દોરાતી મંડળીમાં હાજરી આપો અને જગતને ખ્રિસ્તની સાક્ષી આપો.

જો તમે કટોકટીમાં છો - બિમારી, નાણાંકિય જરૂરત, નોકરી... - અમે તમારી માટે પ્રાર્થના કરીશું.

જો તમને આ સેવા માટે કોઈ પ્રશ્ન છે, અથવા બાઈબલના ખરા સત્યોની વધુ સમજદારી પ્રાપ્ત કરવી છે

અથવા ભારતમાં અને અન્ય દેશોમાં જાગૃતિ આવે માટે સાથે પ્રાર્થના કરવા માગો છો, કૃપાથી સંપર્ક કરોઃ


**SWMI,**

POST BAG NO.4,
KUNNOM P.O., MAVELIKKARA,
ALLEPPEY DISTRICT,
KERALA STATE, INDIA-690108.
Email: reviveIndia2012@gmail.com
www.shalomworldmission.org